2/05/2013

# કલિયુગમાં ચમત્કારિક બ્રહ્માસ્ત્ર એટલે ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

- **ૐકાર ઋષિ પ્રિતેશભાઇ**

ચમત્કાર એ આજના ભૌતિક અને આધુનિક યુગમાં આસ્તિક અને નાસ્તિક બંન્ને પ્રકારનાં માણસોને ગમતો શબ્દ પણ છે અને જીવનમાં ચમત્કાર સર્જાય તેમ દરેક વ્યક્તિ ઇચ્છતો પણ હોય છે. પરંતુ મારી દ્રષ્ટિએ કોઇપણ માણસનું અટકેલું કોઇપણ કાર્ય આધિ, વ્યાધિ અને ઉપાધિનાં ત્રિવિધ તાપોમાં ફસાયેલો મનુષ્ય ઝડપથી બહાર આવી પોતાનું જીવન ઉત્તમ રીતે જીવી શકે એને હું ચમત્કાર કહીશ. હું માનુ છું દરેક માણસને પોતાના જીવનમાં આવતા કષ્ટો અને મુશ્કેલીઓમાંથી બહાર નીકળવું હોય છે પણ ઘણીવાર માણસ પાસે યોગ્ય માર્ગદર્શનનાં અભાવે નાનો પ્રોબ્લેમ પણ મોટો બની એને પરેશાન અને દુઃખી કરતો હોય છે. શાસ્ત્રોએ મનુષ્યનાં જીવનમાં મુશ્કેલીઓ અને તકલીફો આવે નહિ અને આવે તો એ સંપૂર્ણપણે દૂર થઇ જાય અને વ્યક્તિ ધીમે ધીમે પોતાનું જીવન ઉત્તમ રીતે જીવી શકે એના રસ્તા અને ઉપાયો બતાવ્યા છે. આ રસ્તા અને ઉપાયો એ મનુષ્યનાં ઓરામાં મંત્રશાસ્ત્રનાં સ્પંદનો ઊભા કરી એ મનુષ્યની તકલીફોને જડમૂળથી કાઢવા માટે સક્ષમ છે. તો આવો જ એક અલૌકિક ક્રિયાયોગ પૃથ્વી પર સૌપ્રથમવાર થઇ રહ્યો છે. જે શાસ્ત્રોક્ત શક્તિ અને કુદરતની ઊર્જાનો સમન્વય કરી હું આપને સંપૂર્ણપણે સક્ષમ અને આપની અંદર રહેલી શક્તિઓને બહાર કાઢી માનવમાંથી મહામાનવ બનવાની પ્રક્રિયામાં લઇ જવા માંગુ છું. એ ક્રિયાયોગ એટલે ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ. જે મનુષ્યને સાધકમાંથી સિદ્ધ બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

શ્રીમદ્ ભગવદ્દગીતાનાં જ્ઞાન-વિજ્ઞાનયોગ નામનાં સાતમાં અધ્યાયનાં 16માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, હે ભરત વંશિયોમાં શ્રેષ્ઠ અર્જુન, ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે. આર્ત (સંકટ નિવારણ માટે ભજવાવાળા), અર્થાર્થી (સાંસારિક પદાર્થોથી કામનાવાળા), જિજ્ઞાસુ (પરમાત્માને યથાર્થરૂપમાં જાણવાની ઇચ્છાથી ભજવાવાળા) અને જ્ઞાની (પરમાત્માને જે જાણી ચૂક્યો છે તે) !.....

પરમાત્મા શ્રીકૃષ્ણનાં અમોઘ કથનને વાસ્તવિક જીવનમાં સત્યાર્થ કરવા માટે શાસ્ત્રમાંથી એક અદ્દભૂત શક્તિપાતની ક્રિયા શાસ્ત્રનાં માર્ગદર્શનથી મેં સરળ અને સહજ બનાવી છે. જેથી સામાન્ય માનવી પણ એ ક્રિયાયોગને સમજીને કરી શકે. આ ક્રિયાયોગ અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણએ વર્ણવેલા ચાર પ્રકારનાં ભક્તજનોનો સમાવેશ પણ થઇ જાય છે અને આ ક્રિયાયોગનાં માધ્યમથી તેમની ઇચ્છાઓની કામનાઓની શાસ્ત્રોક્ત રીતે પૂર્તિ પણ થઇ શકે છે. શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગનાં સાધકને ક્રિયાયોગની વિધિ સમયે આપવામાં આવશે.

પુરાણોમાં કથા છે કે ગજ (હાથી)નો પગ જ્યારે ગ્રાહે (મગરે) પકડ્યો ત્યારે સંકટમાંથી ઉગારવા માટે ગજે પરમાત્માને પોકારતો આર્તનાદ કર્યો અને પરમાત્મા વિષ્ણુએ હરિ અવતાર ધારણ કરી, ગરુડ પર સવાર થઇ – સુદર્શન ચક્ર ધારણ કરી ગજની વ્હારે ધાયા અને તેને મગરનાં સકંજામાંથી છોડાવ્યો. આર્તભક્તની આત્માએ આ

રીતે સહાય કરી. 'ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ' અંતર્ગત પ્રથમ 'ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ' નાં ચક્રની પૂજા અને સાધના કરાવવામાં આવશે. સાધક દ્વારા 'ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ' ની ક્રિયાવિધિથી એવા અદ્દભૂત સ્પંદનો ઉત્પન્ન થશે જ પરમાત્મા સુધી પહોંચી તેમને ગજની માફક સાધકની સહાય કરવા માટે આવવું બાધ્ય થઇ પડશે. ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગથી આપની અંદર પડેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત કરી આપ સ્વયં શક્તિમાન બનો એવો શક્તિપાત અને જ્ઞાન આપવામાં આવશે.

ડાયાબિટીસ, બ્લડપ્રેશર, સ્ટ્રેસ જેવા અનેક રોગોને બેલેન્સ કરી 'ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ' સાધકને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરશે. 'ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ' ની સાધના દરમ્યાન સ્ફુટિત થતાં આંદોલનો સાધકનાં શરીરમાં રહેલ વાત, પિત્ત, કફ એ ત્રણેય દોષોને સંતુલિત કરશે અને સાધકનાં મનમાં શક્તિનું આંદોલન કરશે. સાધકનાં આર્તભક્તો માટે 'ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ' ની સાધના આશીર્વાદરૂપ છે. સાંસારિક સંકટોમાંથી મુક્તિ અપાવતો આ ક્રિયાયોગ સાધકને તન, મનથી પ્રફુલ્લિત કરી આગામી સાધના માટે તાકાતવર બનાવશે.

મનુષ્ય ગમે તેટલો શક્તિમાન હોય, જ્ઞાનવાન હોય પણ જો ધનવાન ન હોય તો તેની શક્તિ અને જ્ઞાનનું સચોટપણે મુલ્યાંકન થતું નથી. કળિયુગમાં આર્થિક રીતે સંપન્ન વ્યક્તિ જ કુટુંબ, સમાજ અને દુનિયામાં માન સન્માન તેમજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે. કહેવાય છે ને, નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ.

સાધકને આર્થિક સંકડામણોમાંથી મુક્ત કરી, ધનવૈભવથી સંપન્ન કરવા માટે ૐકાર સંપ્રદાયની પ્રમુખ સાધના પદ્ધતિ ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ અંતર્ગત સાધકે પોતાની પાસે રહેલ ૐકાર શ્રી શ્રી શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્રને સન્મુખ રાખી મંત્રોચ્ચાર કરવાના રહેશે. સાધનાની દિવ્ય ઊર્જા અને સાધક દ્વારા ઉચ્ચારિત મંત્રશક્તિથી એવી ઉજ્જવલ ઓરા ઉત્પન્ન થશે જ શ્રી શુભલક્ષ્મીદેવીનાં સાધકને અખૂટ ધનસંપતિ આપવા માટે બાધ્ય કરી દેશે. સંપૂર્ણ વેદસંમત આ ક્રિયાયોગથી સાધક પોતાના જીવનમાં એવી અસીમ આર્થિક ઉન્નતિ હાંસલ કરી શકે છે જેની કલ્પના કરવી પણ કળિયુગમાં અસંભવ છે ને માત્ર આર્થિક સદ્ધરતા જ નહીં પણ સાધકે સેવેલા તમામ સાંસારિક મનોરથો, સંકલ્પો અને ઇચ્છાઓને પણ પરિપૂર્ણ કરશે – ૐકાર શ્રી શ્રી શુભલક્ષ્મી ક્રિયાયોગ.

સૃષ્ટિકર્તા પ્રણવબ્રહ્મ ૐકાર મંત્રમાં રહેલી ઊર્જા એક સબમર્સિબલ પંપ જેવું કાર્ય કરે છે. મનુષ્યનાં મૂલાધાર ચક્રમાં સર્પની માફક કુંડળી મારીને બેઠેલી કુંડલિની શક્તિને તે સાત ચક્રોને ભેદન કરાવી છેક સહસ્ત્રાચક્ર સુધી ઉર્ધ્વગમન કરાવવાનું કાર્ય મંત્ર કરે છે. કુંડલિની જાગરણ એક એવી અદ્વિતીય ઘટના છે જે સાધકનાં અનેક જન્મોની સાધના – તપશ્ચર્યા અને એ સાધકનાં જીવનમાં ચમત્કારિક શાંતિ પ્રસરે અને મોક્ષમાર્ગની દિશા મળે. ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ દ્વારા પૂર્ણપણે કુંડલિની શક્તિની જાગૃતિ થાય. મૂલાધાર ચક્રમાં સુષુપ્તાવસ્થામાં બીજ સ્વરૂપે પડેલી શક્તિ પ્રચંડ મંત્રનાં પ્રહારથી જાગૃત થાય છે અને મૂલાધાર-સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞાચક્રનું ભેદન કરી અંતિમ સાતમા ચક્ર સહસ્ત્રારચક્રમાં પહોંચે છે ત્યારે ત્યાં અમૃતની બુંદ ટપકે છે. જે સાધકને જીવન મરણનાં ચક્કરોમાંથી-લખચોર્યાસીનાં ફેરાઓમાંથી સદાને માટે મુક્ત કરી દે છે અને સાધકની આત્માને પરમાનંદનાં મહાસાગરમાં ડુબાડી છે. પરંતુ કુંડલિની જાગરણ તે એક અત્યંત દુર્લભ આધ્યાત્મિક

ઉપલબ્ધિ છે. બ્રહ્મનિષ્ઠ ગુરૂ અથવા પરમ કૃપાળુ પરમાત્માનાં આશીર્વાદ વિના કોઇપણ સાધક માત્ર પોતાની સાધનાનાં બળે આ અમૃત્વને પ્રાપ્ત નથી કરી શકતો.

કોટી કોટી સાધકોમાંથી કોઇને અષ્ટસિધ્ધી અને નવનિધિ પ્રદાન કરતી આ કુંડલિની જાગરણની દિવ્ય અનૂભૂતિ થાય છે. એ વાત તો સર્વવિદિત છે. પણ એવા વિરલા સાધકોમાંથી કોઇક જ એવા દુર્લભ સિદ્ધિપ્રાપ્ત સાધકો હોય છે પોતાને થયેલી આ અલભ્ય અનુભૂતિનો અનૂભવ અન્ય સાધકોને પણ કરાવી શકે. 'અષ્ટસિદ્ધિ નવનિધિ કે દાતા – અસ વર દીન જાનકી માતા' માતા જાનકીએ મહાવીર હનુમાનને વરદાન આપતા કહ્યું કે, તેઓ અન્યને અષ્ટસિદ્ધિ અને નવનિધિ પ્રદાન કરી શકશે.

॥ ૐ નમઃ ॥